દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ
રવિવાર ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬

# બ્રિક્સ સંમેલનથી અમેરિકાના પેટમાં ભલે તેલ રેડાઇ પરંતુ ભારતને ફાયદો

બ્રિક્સ દેશો સ્થાનિક ચલણમાં વેપાર વધારીને 'ડી-ડોલરાઇઝેશન' પર ભાર મૂકી રહ્યા છે, જે અમેરિકી ડોલરની એકહથ્થુ સત્તાને સીધો પડકાર આપે છે.

તેલ બજાર પર પકડ: યુ.એ.ઇ. અને ઈરાન જેવા દેશોના જોડાણથી વિશ્વના મોટો ભાગના તેલ ઉત્પાદન પર બ્રિક્સનું નિયંત્રણ વધી ગયું છે, જેથી અમેરિકાનું ઊર્જા ક્ષેત્રે વર્ચસ્વ ઘટ્યું છે.

સમાંતર બેંકિંગ સિસ્ટમ: વર્લ્ડ બેંક અને IMF સામે 'ન્યુ ડેવલપમેન્ટ બેંક' અને નવી પેમેન્ટ સિસ્ટમ ઊભી થતાં અમેરિકાના આર્થિક પ્રતિબંધોનું શસ્ત્ર નકામું બની રહ્યું છે.

ટૂંકમાં, બ્રિક્સ પશ્ચિમી દેશોની દાયકાઓ જૂની વૈશ્વિક સત્તા સામે એક મજબૂત સમાંતર વિકલ્પ બની રહ્યું છે. એટલે અમેરિકાના પેટમાં તેલ રેડાઇ રહ્યું છે.

એકવીસમી સદીના વૈશ્વિક રાજકારણ અને અર્થતંત્રમાં 'બ્રિક્સ' (BRICS) એક અત્યંત પ્રભાવશાળી અને શક્તિશાળી આંતરરાષ્ટ્રીય સંગઠન તરીકે ઉભરી આવ્યું છે. શરૂઆતમાં બ્રાઝિલ, રશિયા, ભારત અને ચીનનું આ જૂથ (BRIC) ૨૦૧૦માં દક્ષિણ આફ્રિકાના જોડાણ બાદ 'BRICS' બન્યું. સમય જતાં, ઇજિપ્ત, ઇથોપિયા, ઈરાન અને સંયુક્ત આરબ અમીરાત (UAE) જેવા નવા દેશોના સમાવેશ સાથે આ જૂથનું કદ અને પ્રભાવ વધુ વ્યાપક બન્યા છે. વિશ્વની કુલ વસ્તીના ૪૫%થી વધુ હિસ્સા અને વૈશ્વિક GDPના લગભગ 30%થી વધુ હિસ્સાનું પ્રતિનિધિત્વ કરતું આ મંચ આંતરરાષ્ટ્રીય સ્તરે સંતુલન જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. એક ઝડપથી વિકસતા અર્થતંત્ર અને લોકશાહી દેશ તરીકે ભારત માટે બ્રિક્સ સંમેલનો અને તેની સક્રિય ભાગીદારી અત્યંત વ્યૂહાત્મક, આર્થિક અને ભૂ-રાજકીય લાભ લાવે છે.

આ સંમેલનથી ભારતને થનારા આર્થિક સમૃદ્ધિ અને વેપારી લાભોની વાત કરીએ તો બ્રિક્સ સંમેલનોથી ભારતને સૌથી મોટો અને પ્રત્યક્ષ લાભ આર્થિક ક્ષેત્રે થાય છે. સ્થાનિક ચલણમાં વેપાર અને 'ડી-ડોલરાઇઝેશન' એટલે કે આંતરરાષ્ટ્રીય વેપારમાં અત્યાર સુધી યુ.એસ. ડોલરનું આ રહ્યું છે. પરંતુ બ્રિક્સ સંમેલનોમાં સભ્ય દેશો વચ્ચે સ્થાનિક ચલણ (જેમ કે ભારતીય રૂપિયો) માં વેપાર વધારવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. રશિયા, યુ.એ.ઇ. અને અન્ય દેશો સાથે રૂપિયામાં વેપાર શરૂ થવાથી ભારતને પોતાના વિદેશી મુદ્રા ભંડાર (Foreign Exchange Reserves) ની બચત થાય છે અને ડોલરના મૂલ્યમાં થતી અસ્થિરતા સામે રક્ષણ મળે છે. નવા બજારોનો વિસ્તાર: દક્ષિણ અમેરિકા (બ્રાઝિલ), આફ્રિકા (ઇથોપિયા, દક્ષિણ આફ્રિકા) અને મધ્ય પૂર્વના દેશો સાથે સીધા આર્થિક સંબંધો સ્થપાવાથી ભારતીય ફાર્માસ્યુટિકલ, માહિતી તકનીક (IT), કૃષિ ઉત્પાદનો અને ટેક્સટાઇલ ઉદ્યોગો માટે વિશાળ નવા બજારો ખુલે છે. ન્યુ ડેવલપમેન્ટ બેંક (NDB) થી ધિરાણની વાત કરીએ તો બ્રિક્સ દ્વારા સ્થાપિત 'ન્યુ ડેવલપમેન્ટ બેંક' ભારત માટે વરદાન સાબિત થઈ રહી છે. ભારતને પોતાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ, મેટ્રો રેલ, હાઈવે નિર્માણ અને રિન્યુએબલ એનર્જી (હરિત ઊર્જા) ના પ્રોજેક્ટ્સ માટે પશ્ચિમી બેંકોની જટિલ શરતો વગર સરળ અને સસ્તા દરે અબજો ડોલરની લોન ઉપલબ્ધ થાય છે.

ઉર્જા ક્ષેત્રની વાત કરીએ તો ભારત પોતાની ક્રૂડ ઓઇલ અને ગેસની જરૂરિયાતનો ૮૦%થી વધુ હિસ્સો આયાત કરે છે. બ્રિક્સ જૂથમાં રશિયા, ઈરાન અને યુ.એ.ઇ. જેવા વિશ્વના સૌથી મોટા તેલ અને ગેસ ઉત્પાદક દેશો સામેલ છે. બ્રિક્સ સંમેલનો દરમિયાન મળતા રાજનૈતિક મંચના કારણે ભારતને મુશ્કેલ વૈશ્વિક પરિસ્થિતિઓમાં પણ સસ્તા અને રિયાયતી દરે ક્રૂડ ઓઇલ અને ઈંધણનો પુરવઠો સતત મળતો રહે છે. આનાથી ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ નિયંત્રણમાં રાખવામાં અને ફુગાવા (મોંઘવારી) ને ડામવામાં સીધી મદદ મળે છે. ગ્લોબલ સાઉથનું નેતૃત્વ અને રાજનૈતિક કદ વધી રહ્યું છે. વૈશ્વિક મંચ પર ભારત પોતાની જાતને 'ગ્લોબલ સાઉથ' (વિકાસશીલ અને ગરીબ દેશો) ના અવાજ તરીકે સ્થાપિત કરી રહ્યું છે. પશ્ચિમી પ્રભાવ સામે સંતુલન: પરંપરાગત રીતે G7 જેવા જૂથો પર પશ્ચિમી દેશોનું વર્ચસ્વ રહ્યું છે. બ્રિક્સ ભારતને એક એવું પ્લેટફોર્મ આપે છે જ્યાં તે પશ્ચિમી દેશો પર નિર્ભર રહ્યા વગર પોતાના અને અન્ય વિકાસશીલ દેશોના હિતોનું રક્ષણ કરી શકે છે. વૈશ્વિક સંસ્થાઓમાં સુધારાની માંગ: સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC), આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડાર (IMF) અને વિશ્વ બેંક (World Bank) માં દાયકાઓ જૂની પ્રણાલીને બદલીને વિકાસશીલ દેશોને યોગ્ય પ્રતિનિધિત્વ આપવાની માંગણીમાં બ્રિક્સ ભારતનો મજબૂત સાથ આપે છે. ખાસ કરીને UNSCમાં ભારતની કાયમી સદસ્યતાના દવાને આ મંચથી બળ મળે છે. ભારતની સરહદો અને ભૂ-રાજકીય પરિસ્થિતિ જોતાં બ્રિક્સ સંમેલન અત્યંત મહત્વપૂર્ણ સંતોલન પૂરું પાડે છે. ચીન સાથે દ્વિપક્ષીય સંવાદની ક્ષમતા વધશે. ભારત અને ચીન વચ્ચે સરહદી તણાવ અને સ્પર્ધા હોવા છતાં, બ્રિક્સ એક એવું બહુપક્ષીય મંચ છે જ્યાં બંને દેશોના વડાઓ એકસાથે બેસીને વાતચીત કરી શકે છે. સંમેલનના કિનારે (Sidelines) યોજાતી દ્વિપક્ષીય બેઠકો રાજનૈતિક તણાવ ઓછો કરવામાં અને શાંતિ જાળવવામાં અત્યંત ઉપયોગી નીવડે છે. વૈશ્વિક સ્તરે રશિયા પર પશ્ચિમી દેશોના પ્રતિબંધો હોવા છતાં, ભારત બ્રિક્સના માધ્યમથી રશિયા સાથેના પોતાના ઐતિહાસિક અને વ્યૂહાત્મક સંબંધોને વધુ ગાઢ બનાવી શકે છે. આતંકવાદ ભારત માટે હંમેશાં એક મોટો સુરક્ષા મુદ્દો રહ્યો છે. બ્રિક્સ સંમેલનોમાં ભારતે આતંકવાદ સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિને સતત આગળ ધપાવી છે.

બ્રિક્સના ઢંઢેરામાં આતંકવાદને પોષતા અને આશ્રય આપતા દેશો વિરુદ્ધ સંયુક્ત કાર્યવાહી અને આતંકવાદી ફંડિંગ (Money Laundering) અટકાવવા અંગે સંમતિ સાધવામાં ભારત સફળ રહ્યું છે. આજના સમયમાં સાયબર હુમલા અને ડેટા ચોરી મોટો ખતરો છે. બ્રિક્સ દેશો વચ્ચે માહિતીનું આદાન-પ્રદાન અને સાયબર સુરક્ષા સહયોગ વધારવાથી ભારતની આંતરિક સુરક્ષા મજબૂત બને છે.

ભારત આજે ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર (DPI) અને ટેકનોલોજીના ક્ષેત્રે વિશ્વમાં અગ્રેસર છે. ભારતના UPI (Unified Payments Interface) અને રૂપે (RuPay) નેટવર્કને બ્રિક્સ દેશોમાં સ્વીકૃતિ અપાવવા માટે ભારત આ મંચનો ઉપયોગ કરી રહ્યું છે. આનાથી ભારતીય પ્રવાસીઓ અને વેપારીઓને વિદેશમાં સરળતા રહે છે. અંતરિક્ષ અને સંશોધન સહયોગ: બ્રિક્સ દેશો વચ્ચે સ્પેસ એજન્સીઓ (જેમ કે ISRO) ના સહયોગથી સેટેલાઇટ ડેટા શેરિંગ અને વાતાવરણ પરિવર્તન (Climate Change) પર સંશોધન માટે સંયુક્ત પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવે છે. બ્રિક્સથી ભારતને અનેક લાભો મળે છે, પરંતુ તેની સાથે કેટલાક પડકારો પણ જોડાયેલા છે બ્રિક્સમાં ચીનનો આર્થિક પ્રભાવ ખૂબ મોટો છે. ચીન આ જૂથનો ઉપયોગ પોતાની 'બેલ્ટ એન્ડ રોડ ઇનિશિયેટિવ' (BRI) જેવી વિસ્તારવાદી નીતિઓ માટે ન કરે તે જોવું ભારત માટે સજાગતાનો વિષય છે. ભારત એક તરફ બ્રિક્સ (જેમાં રશિયા અને ચીન છે) નું સભ્ય છે, તો બીજી તરફ તે ક્વોડ (QUAD - યુએસ, જાપાન, ઓસ્ટ્રેલિયા સાથે) નું પણ સભ્ય છે. પશ્ચિમી દેશો સાથેના સંબંધો બગાડ્યા વિના બ્રિક્સનો લાભ લેવો એ ભારતની કૂટનીતિની મોટી કસોટી છે.

## પુલનો રક્ષક

એક પહાડી પ્રદેશમાં બે ગામ વચ્ચે નાનકડી નદી હતી અને તેની પર એક જૂનો લાકડાનો લટકતો પુલ હતો. વર્ષોથી લોકો એ પુલ પરથી પસાર થતાં.

એક વૃદ્ધ માણસ રોજ સવારે ત્યાં આવતો અને પુલની તૂટેલી લાકડીઓ સુધારતો, બરાબર બાંધતો.રોજ કલાકો સુધી વૃધ્ધ દાદા આ કામ કરતા રહેતા. લોકો તેમને પૂછતા, 'દાદા, તમે રોજે રોજ આટલી મહેનત શા માટે કરો છો? તમારું ઘર તો આ બાજુ છે. તમે બીજી બાજુ આવેલા ગામમાં કોઈ દિવસ જતા પણ નથી.તમારા બધા સંબંધીઓ પણ આ બાજુ જ રહે છે તો પછી શું કામ રોજ પુલનું સમારકામ કરી થાકો છો અને પુલ પરથી તો બધા પસાર થાય છે. બીજા તો કોઈ આ પુલનું ધ્યાન રાખતા નથી તો તમે જ શું કામ હેરાન થાવ છો.'



વૃદ્ધ દાદા હસીને કહેતા, 'હું નથી જતો, પરંતુ બીજા ઘણાને રોજ જવું પડે છે.'

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

વર્ષો સુધી તેમણે આ કામ ચાલુ રાખ્યું.

એક રાત્રે ભારે વરસાદ પડ્યો. પહાડોમાં પાણી વધી ગયું. પુલનો મોટો ભાગ તૂટી જવાનો હતો.

વૃદ્ધ દાદા આખી રાત વરસતા વરસાદમાં ભીના થઈને પુલને સતત બચાવતા રહ્યા. બીજા દિવસે બંને તરફનાં ગામનાં લોકોએ જોયું કે વરસાદને કારણે ઘણી ખાનાખરાબી થઈ હતી ,ઘણું નુકસાન થયું હતું પણ આ વર્ષો જુનો પુલ હજુ ઊભો હતો અને પુલ પાસે ઊભા હતા પુલને સાચવનાર દાદા .... સામે ગામની શાળામાં ભણતાં ઘણાં બાળકો દરરોજ આ જ પુલ પરથી પસાર થતાં હતાં.

એક નાનકડા બાળકે વૃદ્ધ દાદાનો હાથ પકડીને કહ્યું, 'દાદા,ખૂબ ખૂબ આભાર. તમે અમને ઓળખતાં પણ નથી. છતાં અમારો રસ્તો બચાવ્યો.'

વૃદ્ધ દાદાની આંખોમાં આંસુ આવી ગયા.તેમણે એટલું જ કહ્યું, 'મારી વર્ષોની મહેનત સફળ થઈ.'

આપણા દરેક સારા કાર્યનો લાભ આપણને જ મળે એવું જરૂરી નથી. પરંતુ કોઈ અજાણ્યા વ્યક્તિનું જીવન સરળ બનાવવું પણ માનવતાની સૌથી મોટી સફળતા છે. તમારા જીવનનો એક નાનો સારો નિર્ણય કદાચ કોઈના આખા જીવનનો રસ્તો બની શકે છે માટે સતત સારાં સેવા કાર્યો કરતાં રહો.

# ભારતની વિદેશનીતિ: મિત્રતા નહીં, રાષ્ટ્રીય હિત પ્રથમ

વર્લ્ડ વૉચ
ડૉ. જયનારાયણ વ્યાસ

**આ જ કારણ છે કે ભારત હવે માત્ર પરંપરાગત 'મિત્રતા' પર નહીં, પરંતુ 'ઈશ્યૂ-બેઝ્ડ પાર્ટનરશિપ' તરફ આગળ વધી રહ્યું છે**

ભારતની વિદેશનીતિ આજે વૈશ્વિક રાજનીતિના એક એવા નિર્ણાયક વળાંક પર ઊભી છે, જ્યાં જૂની મિત્રતાઓ અને નવા આર્થિક-વ્યૂહાત્મક હિતો વચ્ચેની રેખાઓ સતત બદલાઈ રહી છે. યુક્રેનનું યુદ્ધ, પશ્ચિમ એશિયામાં ઈરાન અને અમેરિકા વચ્ચેનો તણાવ, અમેરિકા તથા ચીન વચ્ચેની તીવ્ર સ્પર્ધા અને વૈશ્વિક અર્થવ્યવસ્થા પર છવાયેલી અનિશ્ચિતતા વચ્ચે ભારત માટે સૌથી મોટો પ્રશ્ન એ નથી કે દેશ કોના પક્ષમાં છે, પરંતુ એ છે કે ભારત પોતાના રાષ્ટ્રીય હિતોને સર્વોપરી રાખીને વિવિધ શક્તિ કેન્દ્રો સાથે એકસાથે કેવી રીતે સંતુલન જાળવી શકે છે. નવી દિલ્હીમાં યોજાઈ રહેલું BRICS શિખર સંમેલન આ કૂટનીતિક સંતુલનનો ઉત્તમ પરિચય આપે છે, જ્યાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની ઉપસ્થિતિ વચ્ચે પણ ભારતના અમેરિકા અને ઈરાન સાથેના સંબંધો સમાન રીતે સક્રિય છે. આ સમગ્ર પરિસ્થિતિમાં ભારતની 'વ્યૂહાત્મક સ્વાયત્તતા' (Strategic Autonomy)ની મૂળ ભાવના સ્પષ્ટ થાય છે, જેનો અર્થ તમામ દેશોથી સમાન અંતર રાખવાનો નથી, પરંતુ કોઈપણ એક મહાશક્તિ પર એટલું નિર્ભર ન થઈ જવાનું છે કે જેથી રાષ્ટ્રીય હિતોના નિર્ણયો લેવાની સ્વતંત્રતા જોખમાય. જ્યાં અમેરિકા સાથે ટેક્નોલૉજી અને સંરક્ષણ ક્ષેત્રે સહકાર જરૂરી છે, ત્યાં ભારત અમેરિકા સાથે ઊભા રહે છે; જ્યાં રશિયા સાથે ઊર્જા અને સંરક્ષણના પારંપરિક હિતો છે, ત્યાં સંબંધો જાળવવામાં આવે છે; અને જ્યાં ચીન સાથે વેપાર તથા પ્રાદેશિક સ્થિરતાનો પ્રશ્ન છે, ત્યાં સતત સંવાદ રાખવામાં આવે છે.

રશિયા સાથેના સંબંધો આ નીતિનું સૌથી મોટું ઉદાહરણ છે. પશ્ચિમી દેશોના ભારે દબાણ છતાં જુલાઈ ૨૦૨૬માં ભારતના ક્રૂડ તેલની આયાતમાં રશિયાનો હિસ્સો આશરે ૫૧ ટકા સુધી પહોંચ્યો હતો, જે દર્શાવે છે કે રશિયા સાથેનો સંબંધ માત્ર ભાવનાત્મક નહીં, પરંતુ ભારતની ઊર્જા સુરક્ષાનો અનિવાર્ય ભાગ છે. તેમ છતાં, રશિયા સાથેના ગાઢ સંબંધોનો અર્થ એ નથી કે ભારત યુક્રેન યુદ્ધનું સમર્થન કરે છે; વડાપ્રધાન મોદીએ હંમેશાં સંવાદ અને કૂટનીતિને જ આગળનો સાચો માર્ગ ગણાવ્યો છે.

ચીન સાથેના સંબંધો અત્યંત જટિલ અને સંવેદનશીલ છે. વર્ષ ૨૦૨૦ પછી સરહદી વિવાદોને કારણે બંને દેશો વચ્ચે વિશ્વાસનું મોટું સંકટ ઊભું થયું હતું, અને ચીન આજે પણ ભારત માટે સૌથી મોટો વ્યૂહાત્મક પડકાર છે. છતાં સરહદ પર શાંતિ, વેપારમાં સંતુલન અને રાષ્ટ્રીય સુરક્ષાને પ્રાથમિકતા આપીને ચીન સાથે ઉચ્ચસ્તરીય સંવાદ અને BRICS જેવા મંચોનો ઉપયોગ અનિવાર્ય બન્યો છે. બીજી તરફ, અમેરિકા સાથેનો સંબંધ કોઈ પરંપરાગત સૈન્ય ગઠબંધન જેવો નથી, પરંતુ તે ટેક્નોલોજી, વેપાર, રોકાણ અને હિંદ-પ્રશાંત (Indo-Pacific) ક્ષેત્રના સહકાર પર આધારિત છે.

ઈરાન સાથેના સંબંધો પણ ભારતની કૂટનીતિની મોટી કસોટી છે. ઈરાન સાથેના ઐતિહાસિક સંબંધો, ચાબહાર બંદર દ્વારા મધ્ય એશિયા સુધીની પહોંચ અને ઊર્જા સુરક્ષાને ધ્યાનમાં રાખીને ભારત અમેરિકા અને ઈરાન વચ્ચેના સંઘર્ષમાં ક્યારેય કોઈ એક પક્ષનો અંધ સમર્થક બનવાને બદલે યુદ્ધવિરામ અને સંવાદની નીતિ અપનાવે છે. આ જ કારણ છે કે ભારત હવે માત્ર પરંપરાગત 'મિત્રતા' પર નહીં, પરંતુ 'ઈશ્યૂ-બેઝ્ડ પાર્ટનરશિપ' તરફ આગળ વધી રહ્યું છે.

ગુજરાત જેવા સમૃદ્ધ ઔદ્યોગિક અને નિકાસ કેન્દ્ર માટે આ વિદેશનીતિ સીધી અસર ધરાવે છે. વૈશ્વિક શિપિંગ રૂટ્સ, ક્રૂડના ભાવ, પેટ્રોકેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ અને હીરા ઉદ્યોગ સીધા જ આંતરરાષ્ટ્રીય રાજનીતિ સાથે જોડાયેલા છે. અંતે, ભારતની વિદેશનીતિનો મૂળ મંત્ર સ્પષ્ટ છે - 'મિત્રતા બધા સાથે, પરંતુ નિર્ણય માત્ર ભારતના હિતમાં.' BRICS શિખર સંમેલન ૨૦૨૬ એ જ સાબિત કરે છે કે બદલાતી વૈશ્વિક વ્યવસ્થામાં ભારતની સૌથી મોટી તાકાત કોઈ એક મહાશક્તિની છત્રછાયામાં રહેવાની નહીં, પરંતુ પોતાની સ્વતંત્રતા અને રાષ્ટ્રીય હિતોને સર્વોપરી રાખવાની ક્ષમતા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# બ્રિક્સના બાકીના દેશોને વેપારવણજમાં ભારતની વધુ જરૂર છે

યે મેરા ઈન્ડિયા
વિન્સી મરચન્ટ

**પશ્ચિમ અને ખાસ કરીને યુરોપના ડિઝાઈનર્સ ઉત્પાદકોની જે બ્રેન્ડ્સ દુનિયામાં ખૂબ લોકપ્રિય બન્યા હતા તે ચીની કે તેમાંની મોટા ભાગની ચીની ઉત્પાદકોએ ખરીદી લીધી છે**

ભારતે 'મેઈક ઈન ઈન્ડિયા' કાર્યક્રમ હેઠળ ઘણી પ્રગતિ કરી છે, પણ કૌશલ વિકાસમાં ખૂબ અધૂરું છે. નાનીથી મોટી ઘરવપરાશની ચીજો ચીનમાંથી આવે છે. તે સુંદર અને સસ્તી હોવાથી લોકો ખરીદે છે. પરંતુ આકર્ષક પણ હોવી જોઈએ એ પાઠ ભારતના ઉત્પાદકો અને સરકાર એટલા સ્તરે સ્વીકારતાં નથી જેટલા સામ્યવાદી ચીન સ્વીકારે છે. પશ્ચિમ અને ખાસ કરીને યુરોપના ડિઝાઈનર્સ ઉત્પાદકોની જે બ્રેન્ડ્સ દુનિયામાં ખૂબ લોકપ્રિય બન્યા હતા તે ચીની કે તેમાંની મોટા ભાગની ચીની ઉત્પાદકોએ ખરીદી લીધી છે. યુરોપના અને અમેરિકામાં જે ગુણવત્તાની ચીજો બનાવતા હતા એવી જ સુંદર અને ટકાઉ ચીજો ચીનીઓએ અનેકગણી સસ્તી કિંમતે બનાવવા માંડ્યા. કારણ કે યુરોપ કરતાં ચીનમાં મજૂરી ઘણી સસ્તી છે પણ યુરોપિયનો ચીનની ઉત્પાદન કિંમત પર ચારસો ટકા જેટલો નફો માગતા રાખતા હતા તે ચીને સાવ ઘટાડી દીધો. પરિણામ એ આવ્યું કે યુરોપ-અમેરિકાના સ્મોલ અને મિડિયમ ગુડ્સ તેમ જ લક્ઝરી ગુડ્સના કારખાનાં બંધ પડી ગયાં.

ભારતમાં ચીન કરતાં મજૂરી સસ્તી છે. બેરોજગારીની સમસ્યા વિકરાળ છે. પરંતુ ચીનીઓ પાસે જે કૌશલ છે તે ભારતના યુવાનો પાસે નથી. સરકારો છેલ્લા ત્રણ દાયકાથી આ સમસ્યાથી વાકેફ છે, પણ ખાસ સુધારો થયો નથી. તે માટે યુવાન, ડાયનેમિક પ્રધાનમંત્રી ખાસ અલગ વિભાગ હોવો જોઇએ અને ચીની કંપનીઓએ જે રીતે ફ્રાન્સ, ઈટાલી, જર્મની, બેલ્જિયમ, યુકે વગેરે દેશોના ઉદ્યોગો અને ડિઝાઇનરોનો વરસો સુધી સદુપયોગ લીધો તેમ ભારતે પણ કરવાની જરૂર હતી અને છે. આજે ચીન પોતાની રીતે ચીજવસ્તુઓને વધુ આકર્ષક, સસ્તી અને ટકાઉ બનાવી રહ્યું છે.

ભાજપ સરકારનું શાસન શરૂ થયું ત્યારે ૨૦૧૩-૧૪ના નાણાંકીય વરસમાં ભારતમાં વિદેશી મૂડી રોકાણ ૩૬ અબજ પાંચ કરોડ અમેરિકી ડોલરનું હતું તે વરસ ૨૦૨૫-૨૬માં વધીને લગભગ ૯૫ અબજ ડોલરનું થયું છે. ભારત તેની જરૂરિયાતના ૯૯ ટકા મોબાઈલ ફોનનું ભારતમાં જ નિર્માણ કરે છે, પરંતુ તેના જુદા જુદા ભાગોનું મોટું પ્રમાણ ચીન, તાઈવાન જેવા દેશોમાંથી આવે છે. તેમાં ભારતીય હિસ્સાની ટકાવારી ધીમે ધીમે વધી રહી છે. 'ઇઝ ઓફ ડૂઈંગ બિઝનેસ' અર્થાત્ ભારતમાં ધંધો સ્થાપવા અને કરવાની સરળતા બાબતમાં ૨૦૧૪માં ક્યારે ભારતનો ક્રમ ૧૪૨મો હતો અને આજે ૬૩મો છે. આ ઘણી સારી પ્રગતિ છે, છતાં સવાલ એ છે કે ૬૩મો પણ શા માટે હોવો જોઈએ? પ્રથમ વીસમાં કેમ નથી? ચીન પ્રત્યે બાકીની દુનિયા, ખાસ કરીને પશ્ચિમની દુનિયાને ઘણા પૂર્વગ્રહો છે. છતાં ૨૦૧૮માં એમનો ક્રમ ૭૮મો હતો, તે સુધારીને ૨૦૧૯માં ૪૬મો થયો અને ૨૦૨૦માં ૩૧મો થયો. ત્યારબાદ ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ રેન્કિંગ બંધ કરાયું છે અને ત્યારે ૩૧મા ક્રમે અને ભારત ૬૩મા ક્રમે હતું. ત્યાર બાદ સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા જી. રેડી રિપોર્ટ જાહેર કરાય છે તેમાં ૫૭ દેશોમાંથી ચીનને બાવીસમો ક્રમ મળ્યો છે. જી. રેડી ઈન્ડેક્સમાં હજુ ભારતનું આકલન થયું નથી. તેની બીજો રિપોર્ટ બહાર પડશે ત્યારે થશે.

જોઈએ એટલી સંખ્યામાં કુશળ કારીગરો ન મળે એ સ્થિતિ પણ વિદેશી ઉદ્યોગોને કે મૂડી રોકાણને ભારતમાં આવતા રોકે છે. આ ચિંતા આજથી પચ્ચીસ-ત્રીસ વરસ અગાઉ શરૂ કરી હોત અને જરૂરી પગલાં લીધાં હોત તો દેશમાં કુશળ કારીગરોની મોટી ફોજ હોત. તકલીફ એ છે કે જ્યારે તેની તાતી આવશ્યકતા વર્તાઇ રહી છે ત્યારે પણ આપણો એટલા ગંભીર નથી. ડેમોગ્રાફિક ડિવિડન્ડની વાતો જ આપણે ભૂલી ગયા છીએ. છતાં દરેક ક્ષેત્રમાં સાવ માસીયાસુ થવા જેવું નથી. સંરક્ષણ ક્ષેત્રમાં આપણે સ્વાવલંબન તરફ આગળ વધી રહ્યા છીએ. ઘરવપરાશ તેમજ નિકાસ માટેનું ઉત્પાદન દવા, ઓટોમોબાઈલ્સ તેમજ વૈકલ્પિક ઊર્જા ક્ષેત્રમાં વધ્યું છે. પરંતુ બ્રિક્સ દેશો સાથેની આયાત અને નિકાસના ફિગર્સ શુક્રવારે પ્રસિદ્ધ થયા તે ઉત્સાહપ્રેરક નથી.

બ્રિક્સ દેશો સાથેનો ભારતનો વેપાર ગત પાંચ વર્ષમાં બમણો થયો છે પણ તેમાં ભારતે ઝાઝી તો આયાત જ કરી છે. બ્રિક્સ દેશો સાથેના વેપારમાં ૨૦૨૦-૨૧માં લગભગ ૭૫ અબજ ડોલરની ખાધ ભારત ભોગવતું હતું.

અર્થાત્ નિકાસની રકમ કરતાં ૭૫ અબજ ડોલરની ચીજોની વધુ આયાત થતી હતી. પરંતુ હવે તે ખાધ, ૨૦૨૫-૨૬માં ૨૨૬ અબજ ડોલર પર પહોંચી છે. જો કે આ ખાધ વધવા પાછળનું એક કારણ બ્રિક્સના સભ્ય દેશ રશિયામાંથી વધુ તેલ ખરીદવાના કારણે થઈ છે. પાંચ વરસ અગાઉ બ્રિક્સ દેશો સાથેનો ભારતનો કુલ વેપાર ૨૦૩ અબજ ડોલરનો હતો તે હવે ૪૧૮ ડોલરનો થયો છે. બ્રિક્સના સભ્ય દેશોની સંખ્યા વધી છે તેથી પણ વોલ્યુમમાં વધારો નોંધાયો છે. પરંતુ તે મહત્ત્વનું છે. ઈજીપ્ત, યુએઈ પાસેથી ભારત તેલ ખરીદે છે પણ આ વરસમાં તેનું પ્રમાણ યુદ્ધને કારણે ઘટ્યું છે. બ્રિક્સ દેશોમાં ભારતની નિકાસ ૬૫ અબજ ડોલરથી વધીને ૯૬ અબજ ડોલર પર પહોંચી છે, જ્યારે આયાત ૧૩૬ અબજ ડોલરથી વધીને ૩૨૨ અબજ ડોલર થઈ છે. ભારત અમસ્તું પણ યુએઈ પાસેથી તેલ ખરીદતું હતું, પણ ત્યારે તે બ્રિક્સનું સભ્ય ન હતું. બ્રિક્સના દેશોમાં રશિયા, ચીન અને યુએઈ (સંયુક્ત આરબ અમીરાત) પાસેથી ભારત ૮૪ ટકા રકમની આયાત કરે છે. એ તેમાં ચીનનો હિસ્સો ૪૧ ટકાનો છે. એ અર્થમાં ભારતને છે તેના કરતાં બ્રિક્સના બીજા સભ્ય દેશોને ભારતની વધુ જરૂર છે. છતાં સ્થિતિ સુધારવા માટે ભારતે પ્રયત્ન કરવાની જરૂર કરશે કારણ કે આ ચિંતાનો વિષય છે. એ દુનિયાની રાજકીય સ્થિતિ ડામાડોળ છે, તે સુધરે એની ખૂબ જરૂર છે. જો કે બ્રિક્સ દેશો સાથેના વેપારમાં દેખાય છે એટલી ખરાબ સ્થિતિ આયાત-નિકાસના કુલ ક્ષેત્રમાં નથી. વરસ ૨૦૨૫-૨૬ના નાણાંકીય વરસમાં ભારતે ૯૭૬ અબજ ડોલરની આયાત કરી હતી જેની સામે ૮૬૦ અબજ ડોલરની નિકાસ કરી હતી. કુલ ખાધ ૧૧૬ અબજ ડોલરની રહી હતી, પરંતુ આ પરિણામ અમેરિકાની ડામાડોળ લાગતી અચોક્કસ અને તરંગી નીતિઓને કારણે મળ્યું છે. ૨૦૨૪-૨૫ના વરસમાં ખાધનું પ્રમાણ લગભગ ૯૫ અબજ ડોલરનું રહ્યું હતું. ત્યારે પણ અમેરિકાએ ભારત પર અમુક વેપારી પ્રતિબંધો લાદ્યા હતા. ગયા નાણાંકીય વરસની ઊથલપાથલના સંદર્ભમાં જોઈએ તો ભારતે અમેરિકાની નીતિઓનો મજબૂત પ્રતિકાર કર્યો છે તે પણ એક મોટી સિદ્ધિ જ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## ગુજરાતમિત્રને સ્થાપના દિવસની શુભેચ્છા

તા.૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ગુજરાતમિત્ર તેની સ્થાપનાના ૧૬૩ વર્ષ પૂરા કરી ૧૬૪માં વર્ષમાં પ્રવેશ કરશે. કોઈપણ દૈનિક વર્તમાનપત્ર તેની સ્થાપનાના ૧૬૦ વર્ષ કરતા વધારે વર્ષ પસાર કરે તે સ્વયં એક અનેરી અને અત્યંત વિરલ સિદ્ધિ ગણાય અને તે માટે ગુજરાતમિત્ર ને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા પડે. હું પોતે ૧૯૫૯થી નિયમિત રીતે ગુજરાતમિત્રનું વાંચન કરું છું અને જો સવારે ઉઠીને પહેલા ગુજરાતમિત્ર ન વાંચુ તો ચેન ન પડે, મારા જેવી સ્થિતિ અન્ય વાચકોની પણ હશે જ. અંતરિયાળ પ્રદેશોથી લઈને શહેર, રાજ્ય, દેશ અને વિદેશના સમાચારો જાણવા મળે, ઉપરાંત દરરોજ જુદા જુદા વિષયને લઈને આગવી કક્ષાની પૂર્તિઓ સોનામાં સુગંધ ભળે તેવી હોય છે. પૂર્તિઓ દ્વારા પણ ઘણા બધા વિષયોનું જ્ઞાન દરેક વાચકોને મળી રહે છે. ઉપરાંત ઉત્તમ કોટિના કહી શકાય તેવા કટાર લેખકોના લેખો પણ વિશિષ્ટતા કહેવાય અને સૌથી વિશેષ તે તેનો ચર્ચાપત્ર વિભાગ. આ એકમાત્ર એવું વર્તમાનપત્ર જે રોજેરોજ વાચકોના વિચારોને ચર્ચાપત્ર રૂપે પ્રકાશિત કરે છે. ગુજરાતમિત્રને તેના ૧૬૪માં સ્થાપના દિવસની વધાઈ અને અભિનંદન. આવનારા અનેક વર્ષો દરમ્યાન આ જ પ્રતિષ્ઠા સાથે આગળ વધતું રહે તેવી અનેકાનેક શુભેચ્છાઓ.

**સુરત** - **સુરેન્દ્ર દલાલ**

## યુદ્ધનો ભય વધુ ઘેરો બન્યો!

તાજેતરમાં મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે, યુ.એસ. સેન્ટ્રલ કમાન્ડ દ્વારા ઈરાની ક્રૂડ ઓઈલ ટેન્કરો પર મોટી લશ્કરી કાર્યવાહી કરવામાં આવી છે. અમેરિકી નૌકાદળના યુદ્ધ જહાજો પર ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ દ્વારા કરવામાં આવેલા બેલિસ્ટિક મિસાઈલ હુમલાના જવાબમાં જવાબી કાર્યવાહી કરતા અમેરિકાએ ઈરાનના ઓઈલ ટેન્કરોને નિશાન બનાવીને નષ્ટ કર્યા છે. ઈરાન દ્વારા અમેરિકી નૌકાદળના જહાજો પર નિષ્ફળ મિસાઈલ હુમલા કરવામાં આવ્યા હતા, જેના જવાબમાં અમેરિકાએ ઈરાન પર આર્થિક બોજ વધારવાના હેતુથી આ કાર્યવાહી કરી છે. ગલ્ફ ઓફ ઓમાન અને હોર્મુઝની સામુદ્રધુની નજીક આવેલા ઈરાની ટેન્કરોને યુ.એસ. દળો દ્વારા નષ્ટ કરવામાં આવ્યા. જોકે અમેરિકી સૈન્ય અનુસાર, ટેન્કરો પર હુમલો કરતા પહેલા તેમના ક્રૂ સભ્યોને જહાજ છોડી દેવા માટે નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ ઘટના બાદ ઈરાન દ્વારા જોર્ડનમાં આવેલા અમેરિકી સૈન્ય ઠેકાણાઓ તરફ મિસાઈલો છોડીને પલટવાર કરવામાં આવ્યો હતો, જેને જોર્ડનની એર ડિફેન્સ સિસ્ટમે હવામાં જ નિષ્ફળ બનાવ્યા હતા. આ લશ્કરી અથડામણને કારણે વૈશ્વિક સ્તરે કાચા તેલના ભાવમાં વધારો નોંધાયો છે અને મધ્ય પૂર્વમાં યુદ્ધનો ભય વધુ ઘેરો બન્યો છે.

**સુરત** - **પરમાર સુરેશ**

## લગ્નની કંકોતરી પણ સાયબર ઠગોનું હથિયાર

લગ્નની કંકોતરી હવે માત્ર શુભ પ્રસંગનું આમંત્રણ નથી રહી. ડિજિટલ યુગમાં વોટ્સએપ પર આવતી લગ્નની કંકોતરીની લિંક પણ સાયબર ઠગો માટે છેતરપિંડીનું સાધન બની શકે છે. તાજેતરમાં આવી જ રીતે ડિજિટલ કંકોતરીના નામે છેતરપિંડીના બનાવો સામે આવ્યા છે, જે દરેક મોબાઈલ વપરાશકર્તા માટે ચેતવણીરૂપ છે.

સામાન્ય રીતે કોઈ પરિચિતના નામે લગ્નની કંકોતરી મોકલવામાં આવે છે. તેમાં આપેલી લિંક પર ક્લિક કરતાં મોબાઈલમાં એપ્લિકેશન ડાઉનલોડ કરવાનું કહેવામાં આવે અથવા વ્યક્તિગત માહિતી માંગવામાં આવે છે. ઉતાવળમાં લોકો આવી લિંક ખોલી દે છે અને ત્યાર બાદ બેંક ખાતા કે મોબાઈલની માહિતી જોખમમાં મુકાઈ શકે છે.

ટેક્નોલોજીનો ઉપયોગ જેટલો વધે છે, તેટલી જ સાવચેતી પણ જરૂરી બને છે. અજાણી લિંક પર ક્લિક ન કરવી, કોઈ એપ્લિકેશન અનજાણ્યા સ્ત્રોતમાંથી ડાઉનલોડ ન કરવી અને શંકાસ્પદ સંદેશો આવે તો મોકલનારનો સીધો સંપર્ક કરીને ખરાઈ કરવી જોઈએ.

લગ્નનું આમંત્રણ ખુશીનો સંદેશ છે, પરંતુ તેના નામે આવતી દરેક લિંક વિશ્વાસપાત્ર હોય તે જરૂરી નથી.

**સુરત** -**હિમત પ્રજાપતિ**

## આગ લાગ્યા પછી જ ફાયર સેફ્ટી કેમ યાદ આવે?

સુરત જેવા ઝડપથી વિકસતા શહેરમાં ઊંચી ઈમારતો, ટેક્સટાઈલ માર્કેટ, કારખાનાં અને કોમર્શિયલ બિલ્ડિંગોની સંખ્યા સતત વધી રહી છે. આવી સ્થિતિમાં ફાયર સેફ્ટી સૌથી મહત્ત્વની બાબતોમાંની એક હોવી જોઈએ. છતાં ઘણી વખત આગ જેવી દુર્ઘટના બને ત્યારે જ ફાયર સેફ્ટીના નિયમોની ચર્ચા શરૂ થાય છે. બિલ્ડિંગમાં ફાયર એક્સ્ટિંગ્વિશર, ઈમરજન્સી એક્ઝિટ, યોગ્ય વાયરિંગ અને આગ સામેની વ્યવસ્થા માત્ર તપાસના સમયે બતાવવા માટેની વસ્તુ નથી. તેનો નિયમિત ઉપયોગ અને જાળવણી થવી જરૂરી છે. ખાસ કરીને જ્યાં મોટી સંખ્યામાં લોકો કામ કરતા હોય ત્યાં નાની બેદરકારી પણ મોટી દુર્ઘટનાનું કારણ બની શકે છે.

માત્ર બિલ્ડિંગ માલિક કે તંત્રને જવાબદાર ગણવાથી સમસ્યા હલ નહીં થાય. વ્યવસાયિક એકમો, કર્મચારીઓ અને બિલ્ડિંગમાં આવતા લોકો સૌએ સુરક્ષાના નિયમો સમજવા પડશે.

ફાયર સેફ્ટીનો ખર્ચ વધારાનો ખર્ચ નથી, પરંતુ માનવજીવનની સુરક્ષા માટેનું રોકાણ છે. આગ લાગ્યા પછી તપાસ અને કાર્યવાહી કરતાં પહેલાંથી જ નિયમોનું પાલન થાય તે વધુ જરૂરી છે.

**ભરુચ** - **રાજેશ પટેલ**

## વિશ્વશાંતિ: સમયની સૌથી મોટી જરૂરિયાત

વિશ્વશાંતિ એ માત્ર યુદ્ધનો અભાવ નથી, પરંતુ માનવજાત વચ્ચેનો પરસ્પર પ્રેમ, સહાનુભૂતિ અને સન્માનનો ભાવ છે. આજના આધુનિક યુગમાં જ્યાં વિશ્વ અણુશસ્ત્રો અને રાજકીય તણાવના છાયા હેઠળ જીવી રહ્યું છે, ત્યાં વિશ્વશાંતિની જરૂરિયાત સૌથી વધુ વરતાઈ રહી છે.

શાંતિ જાળવવાની શરૂઆત વ્યક્તિગત સ્તરેથી થાય છે. જ્યારે માનવી પોતાના મનને શાંત રાખશે, ત્યારે જ સમાજ અને રાષ્ટ્રમાં શાંતિ સ્થપાશે. દેશો વચ્ચેના વિવાદોનો ઉકેલ યુદ્ધના બદલે વાટાઘાટો અને સંવાદ દ્વારા લાવવો જોઈએ. વિવિધ સંસ્કૃતિઓ, ધર્મો અને વિચારો પ્રત્યે આદર રાખવો જરૂરી છે. ભેદભાવ અને કટ્ટરતા અશાંતિનું મુખ્ય કારણ છે. બાળકોને બાળપણથી જ શાંતિ, અહિંસા અને વૈશ્વિક બંધુત્વના સંસ્કાર આપવા જોઈએ. સંયુક્ત રાષ્ટ્ર જેવી સંસ્થાઓને મજબૂત બનાવી તમામ દેશોએ ગરીબી, આબોહવા પરિવર્તન અને માનવધિકારોના રક્ષણ માટે એકસાથે કામ કરવું જોઈએ. વસુધૈવ કુટુંબકમ્ એટલે કે સમગ્ર વિશ્વ એક પરિવાર છે આ ભાવનાને અપનાવીને જ આપણે આવનારી પેઢીને એક સુરક્ષિત અને શાંતિપૂર્ણ વિશ્વ સોંપી શકીશું.

**ભાવનગર** -**સહદેવસિંહ ગોહિલ**

## એક ક્ષણની બેદરકારી, જીવનભરનું નુકસાન

અકસ્માતએ અચાનક બનતી એવી ઘટના છે, જેનાથી વ્યક્તિને ઈજા કે જાનહાનિ થઈ શકે છે. આજકાલ માર્ગ અકસ્માતોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે. તેનું મુખ્ય કારણ ટ્રાફિકના નિયમોનું પાલન ન કરવું, વધુ ઝડપે વાહન ચલાવવું, મોબાઈલનો ઉપયોગ કરવો અને નશામાં વાહન ચલાવવું છે. અકસ્માતો અટકાવવા માટે દરેક વ્યક્તિએ ટ્રાફિકના નિયમોનું કડક પાલન કરવું જોઈએ. હેલ્મેટ અને સીટબેલ્ટનો ઉપયોગ કરવો જોઈએ તથા વાહન ધીમે અને સાવધાનીપૂર્વક ચલાવવું જોઈએ. રસ્તા પર થોડી બેદરકારી પણ મોટું નુકસાન કરી શકે છે. તેથી "સાવચેતી એ જ સલામતી"ના સૂત્રને જીવનમાં ઉતારીને અકસ્માતોથી બચવું જોઈએ.

**સુરત** -**ભાવના સોલકી**